અપીલ અરજી નં.૧૨૯ તા.૪–૮–૦૯/૧૦

અરજદારઃ– શ્રી કમલેશ મનુભાઈ ચોડવડીયા

સામાવાળાઃ– ડે.કમિશ્નર(સ્પે) અને જાહેરમાહિતીઅધિકારી (અઠવાઝોન)

## *ફરીયાદની હકીકતઃ–*

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી કમલેશ મનુભાઈ ચોડવડીયાની આઈ ડી. નં.૭૫ તા.૨૬–૫–૦૯ની અરજીથી આકારણીના વોર્ડ નં.૮૩ ના સર્વેયર ભાડુત કમી, નામ ટ્રાન્સફર, નવી આકારણી વિગેરેના તા.૧–૪–૦૮ થી કેટલી અરજીઓ આવી? કેટલાની સ્થળ તપાસ કરી? સ્થળ તપાસની વર્ક ડાયરીમાં નોંધ કરી? વર્ક ડાયરીની તા.૧–૪–૦૮ થી અત્યાર સુધીની નકલ વિગેરે મુદ્દા નં.ર.૧ થી ર.૧૩ ની સર્વેયરની વિગતો માંગતી માહિતી બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૪–૮–૦૯ ની અપીલ અરજી નં.૧૨૯/૦૯–૧૦

શ્રી કમલેશ મનુભાઈ ચોડવડીયાની આઈ ડી. નં.૭૫ તા.૨૬–૫–૦૯ની અરજીથી આકારણીના વોર્ડ નં.૮૩ ના સર્વેયર ભાડુત કમી, નામ ટ્રાન્સફર, નવી આકારણી વિગેરેના તા.૧–૪–૦૮ થી કેટલી અરજીઓ આવી? કેટલાની સ્થળ તપાસ કરી? સ્થળ તપાસની વર્ક ડાયરીમાં નોંધ કરી? વર્ક ડાયરીની તા.૧–૪–૦૮ થી અત્યાર સુધીની નકલ વિગેરે મુદ્દા નં.ર.૧ થી ર.૧૩ ની સર્વેયરની વિગતો માંગતી માહિતી બાબતે દિન–૩૦ માં પ્રતિભાવ નહીં મળવાના કારણે નારાજ થઈ દિન–૧૧ ના વિલંબથી એપેલેટ ઓફિસરને તા.૪–૮–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ, તથા અરજી ફી ની વિગત, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૦૪ તા.૧૩–૮–૦૯ થી ડે.કમિશ્નર(સ્પે) અને જાહેરમાહિતીઅધિકારી (અઠવાઝોન) તથા અરજદારને દિન–૧૧ ના વિલંબનું વાજબીપણું તથા કઈ માહિતી મળેલ છે? અને કઈ મળેલ નથી?અને કઈ માહિતી સામે નારાજગી છે? તેની વિગતો પણ જણાવેલ ન હોય પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી અત્રેના વિભાગને અપીલ સાથે કે અપીલ તબકકે કોઈ વિગતો રજૂ કરેલ નથી.જયારે જાહેર માહિતી અધિકારી તરફથી નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૩૮૮ તા.૨૮–૮–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજીની નકલ તથા અરજદારને માહિતી બાબતે અઠવાઝોન તરફથી પાઠવેલ પત્ર નં. સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/ આ.નં.ર૦૯ તા.ર૩–૬–૦૯, નં. સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.રર૭ તા.૩૦–૬–૦૯, નં. સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/ આ.નં.ર૭૦ તા.૧૬–૭–૦૯ તથા દેરક લેટરની એકનોલેજમેન્ટ સ્લીપ તથા અરજદારનો તા.ર૮–૭–૦૯ નો જાહેર માહિતી અધિકારીને પાઠવેલ પત્રની નકલ રજૂ કરેલ છે. જેમાં મુળ અરજીથી અલાયદા પૂરક પશ્નો રજૂ કરેલ છે. જેમાં અરજીના નિકાલના વિલંબ જવાબદારોની વિગત ખાતાકીય રીપોર્ટ અઠવાઝોનમાં આવેલ છલ્લા ર માસ દરમ્યાન આરટીઆઈ એકટ હેઠળની અરજીઓની વિગત માંગેલ છે.

અરજદારની આઈ ડી. નં.૭૫ તા.ર૬–૫–૦૯ ની અરજીથી માંગવામાં આવેલ મુદ્દા નં.ર.૧ થી ર.૧૩ ની માહિતી મ.જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નં. સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.ર૦૯ તા.ર૩–૬–૦૯ થી રૂા.ર/– લેખે ર૫૬૮૬ પેજના કુલ રૂા.૫૧૩૭ર/– ભરપાઈ કરી માહિતી મેળવી લેવા સમય મર્યાદામાં જણાવવામાં આવેલ. પરંતુ અરજદારે માહિતી નહીં મેળવતાં નં. સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.રર૭ તા.૩૦–૬–૦૯ થી પુનઃ દિન–૫ માં ફી ભરી માહિતી મેળવી લેવા જણાવવામાં આવેલ અન્યથા માહિતી મેળવવામાં રસ નથી તેમ જણાવી અરજી દફતરે કરવામાં આવશે તેવું જણાવવામાં આવેલ. ત્યાર બાદ અરજદારે તા.૯–૭–૦૯ થી એપેલેટ અધિકારીને પત્ર પાઠવેલ. જેના અનુસંધાને અત્રેથી નં.આરટીઆઈ સેલ/૩૯૦ તા.૧૭–૭–૦૯ થી મુળ અરજીની નકલ તથા ફી ભર્યાની વિગતો અને મુળ અરજીની વિગતો પૂરતી જો કોઈ અપીલ કરવા માંગતા હોય તો અપીલ અંગેના આધાર અને વાજબીપણું અપીલ ફોર્મ 'જ' માં ભરીને મોકલવા અરજદારને અત્રેથી જણાવેલ. જે અંગે અરજદારે તા.૪–૮–૦૯ ના રોજ ફોર્મ ભરીને અરજી મુજબની માહિતીની માંગણી કરેલ. જાહેર માહિતી અધિકારી તરફથી અપીલ તબકકે નં. સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.ર૭૦ તા.૧૬–૭–૦૯ થી મુદ્દા વાઈઝ ર.૧ થી ર.૧૩ ની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. આમ જાહેર માહિતી અધિકારીએ અરજદારને આપેલ માહિતી બાબતે તા.ર૩–૬–૦૯,૩૦–૬–૦૯ અને ૧૬–૭–૦૯ ના રોજ માહિતી પૂરી પાડવા કરેલ પ્રયત્નો સમર્થનમાં પત્રોની એકનોલેજમેન્ટ સ્લીપ પણ અત્રે રજૂ કરેલ છે. જે અનુસાર મુદ્દા નં.ર.૧ વોર્ડ નં.૮૩ ના કર્મચારી પાસે ભાડુત કમી, નામ ટ્રન્સફર, અને નવી આકારણી તા.૧–૪–૦૮ ની કેટલી અરજીઓ આવેલ છે અને તેમાં કેટલી મિલ્કતમાં સ્થળ તપાસ કરી છે સ્થળ તપાસની વર્ક ડાયરીમાં નોંધ કરી વર્ક ડાયરીની અત્યાર સુધીની નકલ આપવી. જે અંગે જાહેર માહિતી અધિકારીએ વોર્ડ નં.૮૩ ના કર્મચારી પાસે ભાડુત કમી, નામ ટ્રન્સફર, અને નવી આકારણી તા.૧–૪–૦૮ ની કુલ ૪૪૭ અરજીઓ આવેલ છે જે બધાની મિલ્કત સ્થળ તપાસ કરેલ છે તથા વર્ક ડાયરીની તા.૧–૪–૦૮ ની અત્યાર સુધીની નકલ નંગ–૭૬ ચાર્જીસ ફી ૧૫ર ભર્યેથી મળી શકશે. જે માહિતી આપાયેલ છે. મુદ્દા નં.ર.ર તા.૧–૪–૦૮ થી કઈ કઈ અરજીઓનો કેટલા સમય મર્યાદામાં નિકાલ કરવામાં આવ્યો અને કેટલી અરજીઓ પેન્ડીંગ છે? પેન્ડીંગ અરજી બાબતે ઉપરી અધિકારીઓને રીપોર્ટ કર્યો છે કે કેમ? તેની માહિતી જે અંગે તા.૧–૪–૦૮ થી કુલ ૪૦૩ અરજીઓ સમય મર્યાદામાં નિકાલ કરવામાં આવેલ છે અને કુલ ૪૪ અરજીઓ હજુ પેન્ડીંગ છે પેન્ડીંગ અરજીઓ બાબતે ઉપરી અધિકારીઓને રીપોર્ટ કરેલ છે જે માહિતી અપાયેલ છે. મુદ્દા નં.ર.૩ સર્વેયર ધ્વારા બનાવવામાં આવેલ અરજીની ઝેરોક્ષ કોપી આપવી જે અંગે કર્મચારી ધ્વારા બનાવવામાં આવેલ આકારણી ભાડુઆતની અરજી કુલ ૧૫૩ (પાના નંગ.૧૫૯૪ર) તથા નામફેર અરજી કુલ ર૧૫ (પાના નંગ ૯૬૬૫) છે. વધુમાં કુલ પાના નંગ ર૫૬૦૭ માટે કચેરી ખાતે નકલ ચાર્જીસ ફી રૂા.૫૧ર૧૪ /– ભર્યેથી મળી શકશે. જે અંગે અરજદારને આ અગાઉ તા.ર૩–૬–૦૯ અને ૩૦–૬–૦૯ થી માહિતી મેળવવા અવગત કરાવવામાં આવેલ છે. છતાં પણ અરજદારે દસ્તાવેજ ફી ભરપાઈ કરી માહિતી મેળવેલ નથી. મુદ્દા નં.ર.૪ આ સર્વેયર ધ્વારા સર્વે કરવામાં આવેલ મિલ્કતમાં સુપરવાઈઝર કે ઉપલા અધિકારીએ વીઝીટ કરી હોય તો તેની માહિતી કર્મચારી ધ્વારા કરવામાં આવેલ મિલ્કતમાં ઉપરી અધિકારી ધ્વારા રેન્ડમ ચેકીંગ/વીઝીટ કરવામાં આવેલ છે. તે મુજબનો જવાબ જાહેર માહિતી અધિકારી તરફથી આપવામાં આવલ છે. મુદ્દા નં.ર.૫ સર્વેયર ધ્વારા સર્વે કરવામાં આવેલ રેસીડેન્ટસ, કોમર્શીયલ, દુકાન, ફલેટ, બંગલાની આકારણી કરી હોય તો તેની તમામ વિગત. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.ર.૩ માં તેનો જવાબ આવી જાય છે તેવો જવાબ કરેલ છે. મુદ્દા નં.ર.૬ સર્વેયર ધ્વારા કોમ્પ્યુટરમાં ડેટા એન્ટ્રી કરી હોય તો તેના ડેટા એન્ટ્રી ફોર્મની તમામ માહિતી જે અંગે આ કર્મચારી ધ્વારા કોમ્પ્યુટરમાં કોઈ ડેટા એન્ટ્રી કરવામાં આવેલ નથી તેવો જવાબ પાઠવવામાં આવેલ છે. મુદ્દા નં.ર.૭ આ સર્વેયર ધ્વારા એવી કેટલી મિલ્કતોને આકારણી કરવામાં છે કે જેની કોઈ અરજી કરવામાં આવી નથી પણ સ્થળ તપાસમાં ધ્યાન આવતાં કરવામાં સ્થળ કે તેના નામ સરનામાં મિલ્કતના પ્રકાર અને કયા વર્ષે દાખલ કરવામાં આવી છે તેની વિગત, કર્મચારી ધ્વારા મિલ્કતોની સ્થળ તપાસ કર્યા બાદ નિયત ફોર્મમાં અરજી કરાવડાવી નિકાલ કરવામાં આવે છે? આ અંગે કોઈ રેકર્ડ ઉપલબ્ધ

નથી તેવા જવાબ કરવામાં આવેલ છે. મુદ્દા નં.ર.૮ આ સર્વેયરે આ ઝોનમાં કેટલા વર્ષથી ફરજ બજાવે છે? ઝોનમાં અત્યાર સુધી કયા કયા પ્રકારની કામગીરી તેમના ધ્વારા કરવામાં આવી છે જે બાબતે તા.ર–પ–૦પ થી ફરજ બજાવે છે. કચેરીમાં અત્યાર સુધીમાં આકારણી અને વેરા વસુલાતની કામગીરી અંગે ફરજ બજાવે છે તેવું જણાવવામાં આવેલ છે. મુદ્દા નં.ર.૯ સર્વેયરને મળેલી અરજીની તારીખ, પુરાવા માટે પત્ર લખ્યો હોય તો તેની વિગત અને કેટલા દિવસમાં નિકાલ કર્યો હોય તો તેની માહિતી આપવી જે અંગે મુદ્દા નં.ર.૧ માં જવાબ આવી જાય છે તેવું જણાવેલ છે. મદ્દા નં.૧૦ આ સર્વેયરને તેમની ફરજ દરમ્યાન શિક્ષાત્મક દંડ તરીકે કેટલા મેમા, શોકોઝ કે સસ્પેન્ડની કાર્યવાહી થઈ હોય તો તેની માહિતી આપવી. જે અંગે સદર કર્મચારીના ફરજકાર દરમ્યાન શિક્ષાત્મક દંડ તરીકે કોઈ પણ મેમો, શોકોઝ કે સસ્પેન્ડ અંગેની કાર્યવાહી થઈ નથી તેવું જણાવેલ છે. . મુદ્દા નં.ર.૧૧ આ સર્વેયર તરીકે ફરજ બજાવવા વ્હીકલ એલાઉન્સ મેળવતાં હોય તો તેની માહિતી આપવી. જે અંગે કર્મચારીને ફરજ દરમ્યાન વ્હીકલ એલાઉન્સ આપવામાં આવતું નથી એવું જણાવેલ છે. મુદ્દા નં.ર.૧ર આ સર્વેયરનો સર્વીસબુકમાં નોંધાયેલ અભ્યાસના તમામ સર્ટીફીકેટની નકલ આપવી જે અંગે સદર કર્મચારીના સર્વીસબુકમાં નોંધાયેલ અભ્યાસના તમામ સર્ટીફાઈડ પાના નંગ–૩ મેળવવા માટે કચેરી ખાતે નકલ ચાર્જીસ રૂા.૬/– ભર્યેથી મળી રહેશે. તેવી માહિતી આપેલ છે. મુદ્દા નં.ર.૧૩ આ સર્વેયરની ફરજમાં શું શું કામગીરી આવે છે તેની માહિતી આપવી જે અંગે કર્મચારીની કામગીરીમાં મિલ્કતની સ્થળ તપાસ કરવી કરદાતા તરફથી આવતી અરજીના નિકાલની કામગીરી તથા વેરા વસુલાતની કામગીરી કરવામાં આવે છે. તેવી માહિતી આપેલ છે. આમ જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે પરંતુ અરજદારે દસ્તાવેજી માહિતી દસ્તાવેજ ફી ભરપાઈ કરીને મેળવી હોવાનું જણાતું નથી.વિલંબથી અપીલ અંગે અરજદારે વાજબીપણું રજૂ કરેલ નથી છતાં કાયદાનું હાર્દ અને જોગવાઈ ધ્યાને લઈ અપીલ ગ્રાહય રાખવામાં આવેલ છે.

અરજદારે આ બાબતે અપીલ તબકકે આરટીઆઈ એકટ હેઠળ જાહેર માહિતી અધિકારી પક્ષે થયેલ અરજીના નિકાલના તબકકા નિકાલ માટે જવાબદારો ફી ભરવા માટેના પત્રની સમય મર્યાદા વિગેરે બાબતો મુળ અરજીથી વિસંગત ઉપસ્થિત કરેલ છે. સમય મર્યાદાની જોગવાઈને સબંધ છે ત્યાં સુધી ફી ભરવા લખેલ પત્ર અને અરજદાર ફી ભરપાઈ કરે તે સમયગાળો બાદ કરતાં દિન–૩૦ ની અવધિમાં માહિતી પૂરી પાડવાની રહે. પરંતુ અરજદારે ફી ભરપાઈ નહીં કરતાં વિના મૂલ્યે માહિતી મેળવવાનો ઈરાદો જાહેર કરેલ છે. જે જોગવાઈ સાથે સુસંગત નથી. અરજદારે માંગેલ માહિતી અને તેના વ્યાપ જોતાં આરટીઆઈ એકટની કમલ–૭(૯) હેઠળ જાહેર સત્તા મંડળના નાણાકીય સ્ત્રોત બદલાતાં હોય તેવા કિસ્સામાં અરજદારે માંગેલ નમુના કે પત્રકમાં માહિતી આપવી અનિવાર્ય બનતી નથી. આરટીઆઈ એકટના આમુખથી એ બાબત પણ ચરિતાર્થ કરવામાં આવે છે કે વાસ્તવમાં માહિતી જાહેર કરવાથી સરકારના કાર્યક્ષમ સંચાલન સહિત જાહેર હિત તથા મર્યાદિત નાણાકીય સંશાધનોના મહત્તમ ઉપયોગ અને સંવેદનશીલ માહિતીના ગોપનીયતા જાળવવામાં સંઘર્ષ ઉત્પન્ન થઈ શકે અને તેથી આ વિસંવાદિત હિતોનું સંતુલન જાળવી અમુક માહિતી પૂરી પાડવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.ર૬–પ–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકીની નકલો સિવાયની માહિતી પૂરી પાડેલ હોઈ અપીલ અંગે આ તબકકે વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી લાગુ કિસ્સામાં આરટીઆઈ કાયદાની કલમ–૭ સાથે નિયમ–પ હેઠળ ઠરાવેલ ફી ભરપાઈ કરી અપીલ અરજીમાં વ્યકત કરેલ ઈચ્છા મુજબ દફતરી ઈન્સ્પેકશન કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. અરજદાર મુળ અરજીથી તા.ર૮–૭–૦૯ ના રોજ પૂરક પ્રશ્નો અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯ – ૦૯

ડે.***કમિશનર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ,***
(૧) ડે.કમિશનર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન).... જાણ તથા અમલ માટે
(ર) શ્રી કમલેશ એમ. ચોડવડીયા,